# સેવા સુવાસ




'અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ ''મનુષ્ય'' કહે છે.'
સ્વામી વિવેકાનંદ

## સંયુકત મુખપત્ર

અંક : ૨ વર્ષ: ૨૦૨૩ – ૨૪

# સેવા સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર "**સેવા સુવાસ**" તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭થી "**શારદા સુવાસ**" નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતાં.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો અહી રજૂ કરતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | પાન નં. |
|---|---|---|
| ૧. | વલોણું | ૧ |
| ૨. | શારદા સુવાસ | ૩ |
| ૩. | માતૃશકિત | ૫ |
| ૪. | અમારી વાત | ૫ |
| ૫. | સંસ્થા સમાચાર | ૬ |
| ૬. | મિત્રોની નજરે | ૧૮ |
| ૭. | સંશોધનની એરણેથી | ૧૮ |
| ૮. | નાનાઓની મોટાઈ | ૨૦ |
| ૯. | ભુલ સ્વીકાર | ૨૦ |


**(મુખપૃષ્ઠઃ) – તા.૧૨/૫/૨૦૨૩ના રોજ સુવિધા કેન્દ્ર શરૂ કર્યું**


### સેવા સુવાસ સમિતિ

બંકિમ શેઠ

| | | |
|---|---|---|
| જાગૃતિ શાહ | ઘનશ્યામ પટેલ | વિક્રમસિંહ વાંસદીયા |
| મુકેશ પરીખ | મંજુલા માછી | ગાયત્રી પટેલ |
| મનીષ ચૌહાણ | પરસોત્તમ વસાવા | જૈમિત રાવલ |

## વલોણું :

**દર્દીનું નામ : ગમુબેન બામણીયાભાઈ વસાવા**
**ગામ : પનગામ, તા.ડેડીયાપાડા, ઉંમર : ૬૫**

દાદીને ૩–૪ વર્ષથી માથામાં નાની ગાંઠ હતી. આ વર્ષે એકદમ મોટી થઈ ગઈ. દાદીને ૫૦ વર્ષની ઉંમર પછી સાંભળવાનું બંધ થઈ ગયું હતું. બોલી શકતા ન હતા. આપણે બોલીએ તે સાંભળે નહી માટે ઈશારાથી સમજતા અને દાદી ઘરનું કામકાજ કરતા હતા.

ગમુબેનને એક દિકરો અને એક દિકરી હતી. દિકરી સાસરે રહે ગમુબેનને દિકરાને એવું કે કોઈ કેમ્પ આવે તો દાદીનું ઓપરેશન કરાવી દઈએ. પરિસ્થિતી ગરીબ એટલે દવાખાનાનો ખર્ચ થાય નહી અને તેવામાં સેવા રૂરલની ગાડી પ્રચાર કરવા તેમના ગામમાં આવી અને તેમને ખબર પડી કે ઓપરેશન કરવાના ડોકટર આવવાના છે.

ગમુબેન ઘરમાં દિકરા કે વહુ કોઈનું માને નહી. માટે દિકરાએ તેમની બહેનને બોલાવ્યા અને દાદીને સમજાવીને તા.૨/૮/૨૩ના પહેલા બુધવારે ભારત સેવાશ્રમ સંઘમાં ડેડીયાપાડા તપાસ કરાવવા બંને ભાઈ–બહેન (દાદીના દિકરા, દિકરી) સાથે લઈને આવ્યા. ડો.અમીબેનને તપાસ કરતા માલુમ પડયું કે માથામાં મોટી ગાંઠ છે અને ઉપરથી જ ગાંઠ છે તેવું માલુમ પડયું એટલે ગમુબેનનાં તુરંત રીપોર્ટ કરાવ્યા અને ઓપરેશન કરવા ઓપરેશન થીયેટરમાં લીધાં. ઓપરેશન શરૂ કર્યુ પણ માથામાં ગાંઠ હાડકાની અંદરથી આવતી હતી અને બ્લીડીગ પણ થતું હતું. એટલે ઓપરેશન ખોલ્યું પણ પછી કાઢી અને બંધ થાય તેમ ન હતું માટે પેક કરી પાટો બાંધી દીધો અને દર્દીના સગાને સમજાવ્યા અને કહયું કે દાદીને તુરંત મોટા સેન્ટર પર અંકલેશ્વર, સુરત લઈ જવા પડશે આમ તો દર્દી સારા જ હતા. એટલે દાદીને ઓપરેશન થીયેટરમાં શકિતની બોટલ ચાલુ કરી દાદી તથા તેમના દિકરીને જમાડીને ડો.અમીબેને જયાબેન મોદીમાં દર્દીને મોકલવા સંદર્ભે વાત કરી. પછી વિચાર કરતા દર્દીનાં લોહી ટકા ઓછા હોવાથી ઝઘડિયા સેવા રૂરલમાં દાખલ કરી લોહીની બોટલ ચઢાવી પછી મોટા સેન્ટર પર મોકલીએ આ હેતુસર આપણી કેમ્પની ગાડીમાં લાવવા માટે સગાને ઘરે મોકલી જરૂરી સામાન મંગાવી લીધો અને પછી આપણી જ ગાડીમાં રાજપારડી વાળા રસ્તે ખાડા વધુ હોવાથી દાદીને કદાચ બ્લીડીગ શરૂ ન થાય માટે કેમ્પની ગાડી નેત્રંગથી ચાસવડ, વાલીયા વાળા સારા રસ્તે ગાડી લઈને આવ્યા અને ઝઘડિયા પહોંચી દાદીને દાખલ કરી તેમને રાત્રે જ એક બોટલ લોહીની ચઢાવી દીધી.

બીજા દિવસે સવારે મંજુલાબેન માછીએ આવીને દાદીની ખબર લીધી તો દાદી સારા હતા. સરસ બેડમાં બેઠા હતા દાદીને સવારે ફરી એક બ્લડ બોટલ (BT) આપ્યું. ડો. નૈતિકભાઈએ કિરણ હોસ્પિટલ સુરતના ડોકટર સાથે દર્દી સંદર્ભે વાત કરી અને દાદીને મોકલતાં પહેલાં BT આપીને મોકલીએ આમ BT ચઢાવીને દાદીનો તાત્કાલીક આધારકાર્ડ લાવીને PMJAYનો કાર્ડ કઢાવ્યો અને કાર્ડ સાથે તા.૩/૮/૨૩ના રોજ દાદીને બપોરે ૫:૩૦ કલાકે કિરણ હોસ્પિટલ સુરત રીફર કર્યુ. ડ્રાઈવર હરેશભાઈ એમ્બ્યુલન્સમાં લઈને ગયા. તે પહેલા મંજુલાબેન માછીએ ડો.અમીબેન સાથે વાત કરી કે દર્દી અહીથી નીકળે છે ડો.અમીબેનનો ફોન નંબર દર્દીના સગા રમેશભાઈને આપ્યો. ડો.અમીબેનની સુચના મુજબ અને કંઈ તકલીફ પડે

તો ડો.અમીબેન તથા મંજુલાબેન માછીને ફોન કરશો તેવું જણાવ્યું મે ફોન કર્યો. ત્યારે દર્દીનો સીટીસ્કેન થઈ ગયો હતો, અને દાખલ કરી દીધા હતા. તા.૪/૮/૨૩ના રોજ સવારે ૧૧ વાગ્યે મંજુલાબેન માછીએ ફોન કર્યો. ત્યારે દાદીની સારવાર ચાલે છે અને તા.૭/૮/૨૩ના રોજ ઓપરેશન કરવાનું છે તેવું સગાએ જણાવ્યું.

તા. ૭/૮/૨૩ના રોજ ગમુબેનનું ઓપરેશન કર્યું હતું. અને તા.૮/૮/૨૩ના રોજ તેમના સગા સાથે ૧૨ વાગ્યે ફોન કર્યો. ત્યારે સગાએ જણાવ્યુ કે દાદી સીરીયસ છે. સગા રમેશભાઈ કહેતા હતા કે આપણે તો સારું કરવા માટે સારવાર તો કરવા લાવ્યા છે, પણ ભગવાનને જે ગમે તે ખરું. કિરણ હોસ્પિટલમાં બધી સારવાર PMJAYમાં થઈ હતી.

તા.૮/૮/૨૩ના રોજ દાદી ગુજરી ગયા. દાદીના ભત્રીજા રમેશભાઈ સાથે વાત કરી હતી તો જાણવા મળ્યું કે દાદીનો દિકરો તેમના સગા અને ગામના સરપંચ ભેગા થઈને ઓપરેશન કરનાર ડોકટર પર કેસ કરવાનું કહેતા હતા. ત્યારે દાદીના ભત્રીજા રમેશભાઈએ બધાને સમજાવ્યા કે જે થવાનું હતું તે થઈ ગયું. આપણે કેસ કરીશું તો આપણે જ ફસાઈ જઈશું, તે બધા રમેશભાઈને લડતા હતા. પરંતુ સમજાવીને બધુ પતાવ્યું તેવું કહેતા હતા. દાદી ચાલતા ગયા અને પછી સારું ન થયું. પણ પછી કંઈ કેસ ન કર્યા નથી. અમે રમેશભાઈને વાત કરી કે "સગાઓ સાથે વાત કરવા માટે અમારી જરૂર હોય તો અમે આવીને મળી જઈએ" તો રમેશભાઈએ ના પાડી કે જરૂર નથી. બધુ મે સમજાવી દીધુ છે. તેમ છતાં અમે તેમને કહી રાખેલું કે કંઈ કામ હોય તો મને જણાવશો. રમેશભાઈના કહેવા મુજબ બધા સગા ડેડીયાપાડા સેવા રૂરલના ડોકટરને મળવા આવવાનું કહેતા પણ તા.૬/૯/૨૩ના રોજ ડો.અમીબેનની ઓપીડી ડેડીયાપાડા હતી. પણ કોઈ મળવા આવ્યું નથી.

ડો.અમીબેન, દિલીપભાઈને આ સમગ્ર વાતથી વાકેફ હતા. ડો.અમીબેન સતત સુરતના ડોકટર સાથે સંપર્કમાં હતા **અમે પણ આમાંથી શીખ્યા કે "અમુક કેસમાં જરૂર પડે ઝઘડિયા દર્દીને લાવીને જરૂરી રીપોર્ટ કરાવીને પછી આપણે સર્જરી કરીશું."**

આપણે જયારે દર્દી માટે કંઈક કરી છુટવાની ભાવના સાથે શુભ આશય અને દિલથી ગરીબોનું કાર્ય કરતા હોઈએ તો કોઈપણ રીતે સંશય રાખ્યા વગર કાર્ય કરવું. દર્દી અને દર્દીના સગાઓએ આપણી ભાવનાઓ, લાગણી વિગેરે રૂબરૂમાં જોયા હોય પરંતુ દુરના સગાઓએ આપણા પ્રયત્નો વિગેરે જોયુ ના હોય એટલે આમ જ વાત કરે પરંતુ આપણે સ્વસ્થ અને સારી ભાવનાથી કાર્ય કરતા રહીએ. તે **આ પ્રસંગથી અમે શીખ્યા.**

**જે ઈશ્વર અગર જે ધર્મ વિધવાનાં અશ્રુઓ લૂછી ન શકે કે અનાથના મુખમાં રોટલાનું બટકું આપી ન શકે એવા ઈશ્વર કે ધર્મમાં હું માનતો નથી.**

**જેઓ બીજા માટે જીવે છે.**
**તેઓ જ ખરેખર જીવે છે.**

**સ્વામી વિવેકાનંદ**

# શારદા સુવાસ

## ક્રાંતિકારી મા

### મુસ્લિમોના મા :

મા શારદા બધી જ વ્યકિતઓ તે પછી હિંદુ હોય કે મુસલમાન, બ્રાહ્મણ હોય કે ભંગી, શિક્ષિત હોય કે અભણ, દેશી હોય કે પરદેશી, પાપી હોય કે પૂણ્યશાળી કોઈ પ્રકારના ભેદભાવ વિના સમદ્રષ્ટિ રાખીને વ્યવહાર કરતાં. અમજાદ નામનો એક મુસ્લિમભાઈ બેકાર થઈ જવાથી ચોરી અને લૂંટફાટ કરતો હતો. આ મુસ્લિમ ભાઈએ માતાજીના મકાનના બાંધકામમાં દિવાલો ચણવામાં મદદ કરી હતી. એક દિવસે માતાજીએ તેને પોતાના ઓટલા ઉપર જમવા બેસાડયો. આભડછેટમાં માનનારાં તેમનાં ભત્રીજી નલિનીદેવી નીચે ચોકમાં ઊભાં–ઊભાં દૂરથી ખાવાનું ફેંકતાં હોય તેમ પીરસતા હતા. આ જોઈ માતાજી બોલી ઊઠયા... "આવી રીતે પીરસે તો કોઈ માણસ સારી રીતે ખાઈ શકે ? તું ન આપી શકે તો હું આપીશ". અને એટલું જ નહીં જમવાનું પૂરું થાય ત્યાં સુધી સાથે રહ્યા. છેવટે માતાજીએ જાતે એંઠી જગ્યા સાફ કરી. તેમને આમ કરતાં જોઈને નલિનીદેવી બોલી ઊઠયાં"એ ફોઈબા તમારી તો જાત ગઈ !" માતાજી ઠપકો આપતાં બોલ્યાં 'શરત (સ્વામી શારદાનંદ) જેવો મારો દીકરો છે આ અમજાદ પણ તેવો જ મારો દીકરો છે."[૧૮]

આવી જ રીતે પરદેશીઓના, દુર્જનોના, પાપીઓના અને ભંગી ભાઈ–બહેનો સાથે સમદ્રષ્ટિ રાખીને વાણી–વર્તન અને વ્યવહાર કરવાના ઘણા પ્રસંગો છે.

### લગ્ન સંદર્ભે

પાંચ વર્ષની નાની વયે મા શારદાના લગ્ન તો થઈ ગયેલા પરંતુ મોટા થતા તેમના વિચારો આધુનિક હતા. તેઓ બાળ લગ્નના વિરોધી હતા. જે દીકરીઓ લગ્ન જીવન પસંદ ન કરતી હોય તેઓને લગ્ન કર્યા સિવાય કુંવારા રહેવાનું પ્રોત્સાહન પણ આપતાં અને તેમના માબાપને પણ દીકરીઓને જબરદસ્તીથી પરણાવાનું દબાણ ન કરવાની સલાહ આપતાં. બીજી એક સ્ત્રી ભકતને પાંચ છોકરીઓ હતી. તેમના લગ્ન નહોતા થતા. આ બાબતથી તે સ્ત્રી ભકતને ખૂબ ચિંતા થતી હતી. તેની ચિંતાની વાત સાંભળીને માતાજીએ કહ્યું "લગ્ન નથી થતાં એમા એટલી ચિંતા કરવાની શી જરૂર છે? એમને નિવેદિતા વિદ્યાલયમાં ભણવા મૂકી દે, લખવા વાંચવાનું શીખશે અને આનંદમાં રહેશે". તેમનું અને બીજાનું પણ ભલુ કરશે. માતાજીનું આ દષ્ટિબિંદુ આજે પણ કેટલું બોધપ્રદ છે! બીજી એક વખત એક સ્ત્રી ભકત તેમની દીકરીની લગ્ન કરવાની ઈચ્છા ન હતી તો પણ માતાજીને એને સમજાવી કરીને લગ્ન કરવાનું દબાણ કરવા માટે વિનંતી કરવામાં આવી. ત્યારે મા શારદા એ તેને કહ્યું કે "કુંવારી રહેવામાં ઘણો ભય હોવા છતાં જેને લગ્ન ન કરવા હોય તેણે પરાણે પરણાવીને સંસારમાં નાંખવી એ અન્યાય છે... આખું જીવન બીજાનું દાસત્વ કરી વિતાવવું, બીજાની મનમરજી પ્રમાણે ચાલવું એમાં કાંઈ ઓછું કષ્ટ છે?"[૪].

નિવેદિતા સ્કૂલના પ્રિન્સીપાલ સુધીરાદીદી જેણે લગ્ન કર્યા નહોતા તેના વખાણ કરતાં માએ એક સ્ત્રીભકતને કહેલુ: "કેવી સરસ છોકરી છે એકલી એકલી ગાડીમાં ફરે છે. એકલી પોતાની જાત ઉપર ઊભી રહી છે.[૫] "જાણે કે મા–બાપોને તેમજ દીકરીઓને પણ મા સંદેશ આપી રહ્યા છે લગ્ન ન કરવા હોય તો ના કરો. પરંતુ કુંવારા રહીને દીકરીઓએ પોતાના પગ ઉપર ઊભા રહીને

સ્વાવલંબી જીવન જીવવું અગત્યનું છે કોઈપણ જાતનો ડર કે સંકોચ રાખ્યા વગર સાયકલ, મોપેડ કે ગાડી જેવા સાધનો ચલાવવાનું શીખવુ જોઈએ જેથી જરૂર પડે ત્યારે છૂટથી ઘર અને ગામ બહારના કામો જાતે કરી શકાય.

## કન્યા કેળવણી

૧૯મી સદીના જમાનામાં શ્રીમંત અને ઉચ્ચવર્ણનાં કુટુંબોમાં પણ દીકરીઓને ઝાઝુ શિક્ષણ આપવામાં આવતું નહિ. મા શારદાની ભત્રીજી રાધુ કિશોરાવસ્થાની ઉંમરે પહોચતાં તેમના સ્ત્રી શિષ્યા ગુલાબ મા એ માને કહ્યું. 'હવે રાધુ મોટી થઈ. હવે વધારે સમય તેને શાળાએ મોકલવી યોગ્ય નથી.' પછી તેમણે રાધુને ઘેર રહેવાનું કહ્યું અને રાધુ રડવા લાગી. 'મોટી થવાનો અર્થ તમે શું કરો છો ? શ્રી મા એ વાંધો ઉઠાવ્યો. 'ના, તેને જવા દો, તે થોડુંક લખતાં વાંચતા અને હાથકામ કરતાં શીખશે તો તેને ઘણો લાભ થશે. તેને આ બધું આવડશે તો માત્ર તેને જ નહીં પરંતુ બીજાઓને પણ લાભ મળશે.[૬]' ચરણમાની વાંચવા – લખવાની અદમ્ય ઈચ્છા હોવા છતાં તેમને ભણવાનો અવસર જ નહોતો મળ્યો. કામારપુકુરમાં એક દિવસ ભત્રીજી લક્ષ્મી અને મા બાળપોથી વાંચતા હતા ત્યારે ભાણેજ હૃદયબાબુએ તેમના હાથમાંથી ચોપડી ઝૂંટવી લીધી અને કહ્યું કે "છોકરીઓને વાંચતા લખતા શીખીને શું કરવું છે? શું નાટક અને વાર્તાઓ વાંચવી છે? છતાં પણ માએ કોઈ પણ સામો જવાબ આપ્યા વગર પાછળથી એક આનાની બીજી ચોપડી મંગાવી હતીઅને લક્ષ્મી સ્કૂલેથી પાછી આવે ત્યારે તેમની સાથે વાંચવા બેસતા.[૭]" વિદ્યા મેળવવાનો આ ઉત્સાહ ઘણા વર્ષો પછી પણ રહ્યો. દક્ષિણેશ્વરમાં ૩૩ વર્ષની ઉંમરે પણ ભવનાથ મુખરજીની દીકરી પાસેથી શબ્દો – વાકયો અને પછી ધીરે ધીરે પુસ્તકો વાંચતા શીખી ગયા.

મા પોતે તો વાંચતા શીખી ગયેલા અને તેમની ભત્રીજી રાધુ તેમજ બીજા શિષ્યની દીકરીઓને પણ શાળાકીય અભ્યાસ માટે પ્રોત્સાહન આપતાં પરંતુ સ્વામી વિવેકાનંદના વિદેશી આયરીશ શિષ્યા કુ. માર્ગારેટ નોબેલ – ભગિની નિવેદિતાએ ૧૩ નવેમ્બર સાલ ૧૮૯૮માં જયારે કન્યા શાળા શરૂ કરી ત્યારે આ શાળાનું ઉદ્‌ઘાટન પણ મા શારદાએ પોતાના શુભ હસ્તે કરેલું. ખુદ સ્વામી વિવેકાનંદ જાતે અને રામકૃષ્ણ સંઘના અન્ય સંન્યાસી સભ્યો પણ હાજર રહેલા. શ્રીમાએ આ શાળાને આશીર્વાદ આપેલા અને પ્રાર્થના કરેલી કે "આ શાળા પર શ્રી જગંદબાની સુભાષિશ સદા વરસતી રહે અને ત્યાં તાલીમ પામેલી કન્યાઓ આદર્શ કન્યાઓ બને.[૮]

આમ અભણ માએ આદર્શ કન્યા કેળવણીની દિશાનું જાણે કે પ્રથમ પગલું ભર્યું. આજે ૨૧ મી સદીની સ્ત્રીઓની સ્વતંત્ર કોલેજો અને યુનિવર્સિટીઓનું બીજ જાણે કે મા એ રોપ્યું. એક સાંજે માને મળવા નિવેદીતા સ્કૂલની કેટલીક છોકરીઓ આવી હતી. શ્રીમાએ તેમને તેમના અભ્યાસ વિશે પૂછયુ. જયારે તેમને ખબર પડી કે તે છોકરીઓ અંગ્રેજી જાણે છે ત્યારે તેમને કહ્યું હવે આ વાકયનું અંગ્રેજી કરી આપોને? એક છોકરીએ તે કરી પણ આપ્યુ જે સાંભળીને મા આનંદથી હસી પડયાં. વળી આ છોકરીઓને માએ પૂછયુ કે તેઓને ગાતા આવડે છે. તેઓએ હા કહી ત્યારે તેમને એક દક્ષિણ ભારતનું ગીત ગાવાનુ કહ્યું. આ છોકરી દક્ષિણ ભારતના ભકતની દીકરી હતી જે કલકતામાં નિવેદિતા સ્કુલમાં અભ્યાસ માટે આવી હતી. તેઓએ દક્ષિણ ભારતનું ગીત ગાયુ અને માએ ખુશી વ્યકત કરી. જાણે કે અંગ્રેજી ભાષા શીખવાની અને ગાવા બજાવવાની આવડત પણ દીકરીઓ માટે જરૂરી છે.[૯]

## માતૃશકિત

આજે વાત કરવી છે... ઝઘડિયાથી ૧૦૦ કિ.મી દુર આવેલા સાગબારા જેવા અંતરિયાળ આદિવાસી વિસ્તારના અંજનાબેન વસાવાની. ૧૯૮૬–૮૭ થી ડેડીયાપાડા, સાગબારા વિસ્તારમાં સેવા રૂરલ દ્વારા આંખના નિદાન કેમ્પ યોજવામાં આવતા હતા ત્યારનો આ બહેન અને તેમના કુટુંબ સાથે પરિચય થયેલો. સેવા રૂરલની હોસ્પિટલની પ્રવૃતિઓથી પ્રભાવિત થઈને જાણે કે અંજનાબેન પોતે સેવા રૂરલના એક સંનિષ્ઠ કાર્યકર હોય તેમ પોતાના વિસ્તારના ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને માર્ગદર્શન આપવાનું અને ઘણીવાર તો એમની સાથે પોતાના સ્વખર્ચે ઝઘડિયા હોસ્પિટલ સુધી લાવવાનું કામ આ બહેન વર્ષોથી નિસ્વાર્થ ભાવે કરી રહયા છે. હોસ્પિટલ ઉપરાંત વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રમાં ગરીબ વર્ગના યુવાનોને પ્રવેશ અપાવવાનો એટલો જ પુરુષાર્થ કરે. પ્રવેશ અપાવીને જ અટકી ન જતા જયારે પણ અહી આવવાનું થાય ત્યારે જે યુવાનોને પ્રવેશ મળ્યો છે તેમને મળીને જાય. આ ઉપરાંત ગ્રામીણ આરોગ્યની પ્રવૃતિમાં પોતાના સુખ દુઃખની ચિંતા કર્યા વગર નિરંતર કામ કર્યા કરે છે. પોતાને પગની મર્યાદા છે તેમ છતાં કોઈ એક એવી માતૃશકિતથી કામ કરી રહેલા અંજનાબેન વસાવાને આપણા સૌના વંદન કરીએ એટલા ઓછા છે. આ અંજનાબેન ઘણીવાર દર્દીઓ સાથે બસમાં, જીપમાં કે છકડામાં આવી જાય અને મોડી સાંજે વાહનોની અનિશ્ચિતતા સાથે દુર મોડી રાત્રે ઘરે પહોંચે. આવા એક મોડી સાંજના દિવસે સેવા રૂરલના એક કાર્યકર અંજનાબેનને જોઈ ગયા. આ કાર્યકરને વિચાર આવ્યો કે આ અંજનાબેન સાંજે છ વાગ્યે તો ઝઘડિયામાં છે તો પોતાના ગામ સાગબારા પહોંચતા મોડી રાત્રી થવાની સંભાવનાને ધ્યાનમાં રાખી આ કાર્યકરે બિસ્કીટ, વેફરના પડીકા અને પાણીની બોટલ ઉતાવળે આપી દીધી. આમ આવા અંજનાબેન જેવા શુભેચ્છકો અને અમારા કાર્યકરો વડે જ સેવા રૂરલ ઉજળી છે. અમારા કાર્યકરમાં અને અંજનાબેનમાં એક અજબની માતૃશકિતના દર્શન થયા.

## અમારી વાત

### ઈન્ટરનલ ઓડિટ વ્યવસ્થા :

કોઈપણ સ્વૈચ્છિક સંસ્થાની પારદર્શિતા અને વિશ્વાસનીયતાનો આધાર સંસ્થાના વાર્ષિક હિસાબો ઉપર આધાર રાખે છે. નાણાંકીય હિસાબો કાર્યકરો માટે, દાતાઓ, શુભેચ્છકો અને વિવિધ ફંડીંગ એજન્સીઓ માટે અગત્યના બની રહે છે. સેવા રૂરલ છેલ્લાં ૪૩ વર્ષોથી નાણાંકીય ઓડિટ / હિસાબો દર વર્ષે નિયમિત રીતે પ્રસિધ્ધ કરી રહેલ છે.

આ ઉપરાંત સેવા રૂરલમાં જયાં જયાં નાણાકીય વ્યવહારો થાય છે તે જગ્યાઓએ પણ નિયમિત રીતે ઈન્ટરનલ ઓડિટ કરવામાં આવે છે. જેમાં કોટેશન, બીલો, વાઉચરો અને રસીદો જેવી વિવિધ બાબતોનું ઓડિટ સમયાંતરે થતું રહે છે. નાણાંકીય ઈન્ટરનલ ઓડિટની સાથે સાથે વિવિધ જગ્યાઓએ જેવી કે સ્ટોર, દવાની દુકાન, ઓપરેશન થીયેટર, ડોનેશન જેવા વિવિધ વિભાગોમાં પણ સંસ્થાએ નકકી કરેલ સીસ્ટમ/ S.O.P ( સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર) પ્રમાણે

જ કામગીરી થઈ રહી છે કે કેમ? તેનું પણ ઈન્ટરનલ ઓડિટ કરવામાં આવી રહયું છે. આ આંતરિક મૂલ્યાંકન/ ઓડિટને પરિણામે અમારી ક્ષતિઓ તુરંત પકડાઈ છે. નકકી કરેલા ધારા ધોરણ કરતા કંઈક જુદી રીતે કામ થયું હોય તો તેના વ્યાજબી કારણો જાણવામાં આવે છે. આમ ઉત્તરોતર અમારા સૌની જવાબદેહિતા અને ચોકસાઈમાં વધારો થઈ રહયો છે. નવાઈની વાત એ છે કે જે જે વિભાગોમાં આંતરિક ઓડિટ થઈ રહયું છે તે જવાબદારી સંભાળતા કાર્યકરોને પોતાની ભૂલો કે ક્ષતિઓ સામે આવતા તેને વ્યકિતગત ધોરણે " માઠું કે ખરાબ ન લાગતા" ખેલદિલી પૂર્વક તેનો સ્વીકાર કરીને વધુ સજાગ બનવાનો પ્રયત્ન કરે છે. આ ઈન્ટરનલ ઓડિટના કાર્યમાં સેવા રૂરલના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ દેસાઈ કે જેઓ રિટાયર્ડ થયા બાદ પણ દર બુધવારે વલસાડથી નિયમિત ઝઘડિયા આવીને આ કામગીરી સંભાળે છે. તેમની સાથે સાથે અમારા પાયાના કાર્યકર મયંકભાઈ પંડયા પણ આ જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળી રહયા છે.

**'સંસારનું બધું કામ કરવું,**
**પણ મન ઈશ્વરમાં પરોવી રાખવું.**
**ઈશ્વર ભકિત પ્રાપ્ત કર્યા વિના જો સંસાર**
**ચલાવો તો ઉલટા વધુ સપડાઓ.'**

**હાથે તેલ લગાડીને ફણસ ચીરવું જોઈએ, નહીંતર તેનું દૂધ હાથે ચોંટી જાય. ઈશ્વર ભકિતરૂપે તેલ ચોપડીને પછી સંસારના કામમાં હાથ લગાડવો જોઈએ.**

**શ્રી રામકૃષ્ણ દેવ**

# સંસ્થા સમાચાર

## સેવા રૂરલ જનરલ સમાચાર

- તારીખ ૧૨મી ઓગસ્ટના રોજ સેવારૂરલની વાર્ષિક સાધારણ સભા રાખવામાં આવી હતી, જેમાં વર્ષ દરમિયાન સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ અને વર્ષ દરમિયાન થયેલ આવક જાવકના હિસાબો મંજુર કરવામાં આવ્યા હતા.
- સેવા રૂરલના અગત્યના ડોકયુમેન્ટને સ્કેન કરીને સાચવવાની નવી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ મ)ટે એક સોફ્ટવેરની પણ મદદ લઈ રહ્યા છે.
- તારીખ ૨૦ મી ઓગસ્ટના રોજ ભરૂચ નર્મદા જીલ્લાના સર્વોદય પરિવારના મિત્રો, સેવા રૂરલના ગુમાનદેવ કેમ્પસમાં મળ્યા હતા. સ્વર્ગસ્થ નાનુભાઈ મજમુદારની પુણ્યતિથિએ તેમને શ્રધ્ધાજંલિ આપવામાં આવી. દર વર્ષે યોજાતી આ મિટીંગમાં વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓએ સમાજ ઉપયોગી કરેલા કામોનો અહેવાલ રજૂ કરવામાં આવે છે અને અગામી ગાંધીમેળાના આયોજનની પણ ચર્ચા થાય છે.
- તારીખ ૧૯મી જુલાઈ ના રોજ 'ગ્રેટ પ્લેસ ટુ વર્કના એક્રીડેશન' માટેનો સર્વેમાં તમામ સ્ટાફના ભાઈ–બહેનો જોડાયા હતા.
- પરદેશથી એમ.બી.બી.એસ. કરીને આવેલા કુલ ૧૦ ડોકટરો ભાઈ બહેનો એક વર્ષની ઇન્ટર્નશીપ માટે કસ્તુરબા હોસ્પિટલમાં તા. ૧૬ જૂન ૨૦૨૩થી જોડાયા છે.
- સેવા સુવાસના ફ્રન્ટ પેજ ઉપર હાલમાં ત્રણ મહિનાના નામો લખવામાં આવે છે તેને બદલે

હવેથી વર્ષ ૨૦૨૩–૨૪ અંક–૧, અંક–૨ એ પ્રમાણે લખવાનું નક્કી કરવામાં આવ્યું છે. કારણ કે પ્રકાશિત થતાં સેવા સુવાસનો વિલંબ બહુ થઈ રહ્યો છે માટે આ ફેરફાર કરેલો છે.

- સેવા રૂરલના કાર્યકરો કેન્દ્રિત અને વ્યવસ્થા લક્ષી વિવિધ 'પ્રકારની પોલિસી તૈયાર' કરવામાં આવી છે. હા અગાઉ પણ વિવિધ પોલિસી તો હતી જ પરંતુ તેમાં એક અભિયાનના સ્વરૂપમાં બધી જ પોલિસીનો રીવ્યુ કરવામાં આવ્યો અને અનુભવને આધારે નાના મોટા ફેરફારો કરી અને એક સરસ ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે.
- સેવા રૂરલના વાર્ષિક રિપોર્ટનું કોરલ ડ્રો ના કોમ્પ્યુટરમાં પ્રથમવાર પરસોત્તમભાઈ વસાવા એ કામ ખૂબ સરસ રીતે પાર પાડયું.
- હોસ્પિટલના મેગા એકસપાન્શન અને કન્સ્ટ્રકશન પ્રોજેકટના ત્રીજા ફેસ માટેનું મંદિર મંડપ ઉપરનું ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી છે.
- કેમ્પસમાં આવેલા આ મંદિરમાં અમારા સૌના પ્રેરણા સ્ત્રોત રામકૃષ્ણ દેવ, શારદામાં અને સ્વામી વિવેકાનંદ અને અન્ય ૪ ધર્મોના ફોટાઓને ભાવ અને ભક્તિ પૂર્ણ રીતે મંત્રો ચાર સાથે હાલના મંદિરમાંથી લઈને કામચલાઉ રીતે ઊભું કરેલ મંદિરમાં તા.૧૨/૯/૨૩ ના રોજ પ્રસ્થાપિત કરવામાં આવ્યા. સ્ટાફના કાર્યકરો ભાઈ બહેનો આ ભક્તિ સભર વાતાવરણમાં જોડાયા હતા.
- દર્દીના સગાઓ માટે મંદિર મંડપ ખૂબ સાનુકૂળ રહેવાની જગ્યા હતી, પરંતુ હવે આ જગ્યાનું ડિમોલિશન થવાને પરિણામે દર્દીના સગાઓને રાત્રિ રોકાણ માટેની વ્યવસ્થા ખૂબ મર્યાદિત થઈ ગઈ છે. આ માટે હોસ્પિટલ ની અગાસીમાં દર્દીના સગાઓ માટે એક પતરાનો સેડ ઉભો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- તારીખ પહેલી બીજી ત્રીજી સપ્ટેમ્બર ના રોજ 'આધ્યાત્મિક શિબિર'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં નારદભક્તિ સૂત્ર અને રામકૃષ્ણ દેવના ગૃહસ્થ ભક્તો અંગે. સ્વામી વિશ્વાત્માનંદજી, રામકૃષ્ણ મિશન, વારાણસીથી અને પૂ. સ્વામી રાઘવેન્દ્રાનંદજી નાગપુરથી ખાસ પધાર્યા હતા. વર્ષમાં બે વાર યોજાતી આ શિબિરમાં સંસ્થાના કાર્યકરો જોડાય છે.

## કસ્તુરબા હોસ્પિટલ

- તા.૧૩ જુલાઈ ૨૦૨૩થી ડો.ધ્વનિતભાઈ (ઓકયુલોપ્લાસ્ટી) સર્જન વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે મહિનામાં એક વાર આવવાનું શરૂ કર્યું.
- તા.૧૦ જુલાઈ ૨૦૨૩ના રોજ લેબરરૂમ, GOT નું "લક્ષ્ય" નું સ્ટેટ લેવલનું એસસમેન્ટ માટે ડો. હેમસિંગભાઈ તથા સોનાલીબેન અગ્રવાલ આવી ગયા.
- સેવા રૂરલ, કસ્તુરબા હોસ્પિટલના લેબરરૂમ અને GOT નું લક્ષ્ય સર્ટીફીકેટમાં ૯૭% આવ્યા અને સ્ટેટ લેવલનું સર્ટીફીકેટ મળી ગયું છે.
- ઓગષ્ટ–૨૦૨૩ માસમાં એક દિવસ એટલે ૨૪ કલાકમાં ૩૫ ડિલીવરી થઈ જે અત્યાર સુધીની સૌથી વધુ છે.
- ઓપીડી, ઈન્ડોર વિભાગમાં દર્દીની સંખ્યામાં વધારો થઈ રહયો છે. જેમાં ઓગષ્ટ માસમાં એક દિવસ ગાયનેક ઓપીડી ૩૩૩ થઈ, ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટરમાં તા.૨૪/૮/૨૩ના દિવસે ગાયનેક ઓપીડી ૨૩૩ થઈ, ઈન્ડોરમાં PMJAY ના દર્દીઓ તા.૨૪/૮/૨૩ના રોજ ૧૩૪ હતા આ બધુ અત્યાર સુધીની સૌથી વધુ સંખ્યા છે.

## અભિનંદન પ્રસંગો

- સબકેનલ બ્લોક (આંખના ઓપરેશન વખતે બે શુધ્ધ કરવા માટેની ટેકનીક) Eye OT માં ચાલુ કર્યો છે અને જશવંતીબહેને પણ આ બ્લોક દર્દીઓને જાતે આપવાનું શરૂ કર્યું છે. આ બ્લોકથી દર્દીના ઓપરેશનમાં ઘણું સારુ રહે છે. જશવંતીબેનને આ માટે ખુબ અભિનંદન...
- હોસ્પિટલમાં વરસાદ દરમ્યાન સ્ટોર વિભાગ, ભોંયરામાં હોવાથી વારંવાર પાણી ભરાઈ જાય છે વારંવાર પાણી ભરાઈ જાય તેનો નિકાલ થઈ જાય તે માટેની વ્યવસ્થા સરસ ગોઠવી તે માટે મેઈન્ટેનન્સ ટીમ કમલભાઈ, વિક્રમભાઈ, હિપેશભાઈ, હર્ષદભાઈને ખૂબ ખૂબ અભિનંદન...
- હોસ્પિટલમાં ઈન્ડોર દર્દીની સોનોગ્રાફીમાં વાપરીએ છીએ તે મશીન બગડી ગયું હતું તે કમલભાઈની મહેનતથી ચાલુ કરી દીધું. કમલભાઈને અભિનંદન...
- હંસાબેન પટેલ (આયા માસી) નાઈટ ડયુટી કરીને ઘરે ગયા હતા અને નાઈટ કરી એટલે તેમનો OFF હતો તેઓ ઘરે હતા. હોસ્પિટલમાં સ્ટાફની ખેંચ હતી અને ફોન કર્યો તો તુરંત હંસાબેન ડયુટી પર આવી ગયા. હંસાબેનને ખાસ અભિનંદન...
- ડો.પ્રદિપભાઈએ Eye OT ના દર્દીનું કેટરેકટ ઓપરેશન દર્દી સાથે માથાકુટ કરીને તા.૧૮/૮/૨૩ ના રોજ કરાવી આપ્યુ પાછળ પડીને ઓપરેશન કરાવી આપ્યું તેમને અભિનંદન...
- ઝઘડિયા મઢીના સાધુને ડો.અમીબેનને બતાવતા હર્નીયાની તકલીફ હતી અને તાત્કાલીક ઓપરેશન કરવું પડે તેમ હતું પરંતુ આંતરડામાં બધુ બ્લોક થઈ ગયું હોવાથી સેવા રૂરલમાં આ ઓપરેશન થઈ શકે તેમ નહોતું. ત્યારે ડો.વોરા સર અને ડો.નૈતિકભાઈએ ખાસ આપણા ગરીબોના કામમાં સંવેદનશીલતા રાખી સાધુ મહારાજને સુરત હોસ્પિટલમાં ઓપરેશન કરાવવા માટે રીફર કરવાનો નિર્ણય કર્યો. સાધુ મહારાજ સાથે કોઈ જનાર ન હતું ત્યારે દિલીપભાઈએ સેવા રૂરલના કાર્યકર વિઠ્ઠલકાકાને સાધુ સાથે સુરત જવાની વ્યવસ્થા ગોઠવી આપી. સાધુ મહારાજને સુરત સિવિલમાં રીફર કર્યા. ત્યાં તેમનું ઓપરેશન થઈ ગયું. ૧૩ દિવસ ત્યાં રહયા પછી તેમને રજા મળતા પાછા સારા થઈને મઢી પર આવી ગયા. હવે સાધુ મહારાજને ખૂબ સારું છે આમ ડો.વોરા સર, ડો.નૈતિકભાઈ, દિલીપભાઈ ખાસ તો વિઠ્ઠલકાકાની મદદથી સાધુ મહારાજ સારા થઈ ગયા. જેનો આપણને આનંદ અને આવું સારું કામ બદલ તેઓને અભિનંદન...

**ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર જનરલ સર્જરી કેમ્પ**

| અ.નં | માસ | ઓપીડી | લોકલ સર્જરી | રીફર |
|---|---|---|---|---|
| ૧ | જુલાઈ'૨૩ | ૧૭ | ૬ | ૩ |
| ૨ | ઓગષ્ટ.'૨૩ | ૨૪ | ૩ | ૬ |
| ૩ | સપ્ટેમ્બર.'૨૩ | ૨૨ | ૩ | ૫ |
| કુલ | | ૬૩ | ૧૨ | ૧૪ |

**ડેડીયાપાડા સેટેલાઈટ ગાયનેક સર્જરી કેમ્પ**

| અ.નં | માસ | ઓપીડી | રીફર |
|---|---|---|---|
| ૧ | જુલાઈ'૨૩ | ૧૨૭૭ | ૩૪ |
| ૨ | ઓગષ્ટ.'૨૩ | ૧૩૯૨ | ૪૩ |
| ૩ | સપ્ટેમ્બર'૨૩ | ૧૨૦૦ | ૩૯ |
| કુલ | | ૩૮૬૯ | ૧૧૬ |

## આંખ વિભાગ

### આંખના કેમ્પના દાતાઓની વિગત (જુલાઈ'૨૦૨૩થી સપ્ટે. ૨૦૨૩ દરમ્યાન)

| અ. નં. | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૦૨/૦૭/૨૩ | ઝઘડિયા | ઝઘડિયા | પ્રહલાદભાઈ ચુનિલાલ શાહ – ઝઘડિયા |
| ૨. | ૦૯/૦૭/૨૩ | અસા | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ – ઉમલ્લા |
| ૩. | ૧૬/૦૭/૨૩ | કોયલી માંડવી | નેત્રંગ | ઝેડ.સી.એલ. લિમીટેડ – અંકલેશ્વર |
| ૪. | ૨૩/૦૭/૨૩ | સુણેવકલ્લા | હાંસોટ | જ્ઞાન યોગ દર્શન આશ્રમ,શીયાલી તા.ઝઘડિયા |
| ૫. | ૩૦/૦૭/૨૩ | પાણેથા | ઝઘડિયા | જ્ઞાન યોગ દર્શન આશ્રમ,શીયાલી તા.ઝઘડિયા |
| ૬. | ૦૬/૦૮/૨૩ | ઝાડેશ્વર | ભરૂચ | જ્ઞાન યોગ દર્શન આશ્રમ,શીયાલી તા.ઝઘડિયા |
| ૭. | ૧૩/૦૮/૨૩ | શીયાલી | ઝઘડિયા | જ્ઞાન યોગ દર્શન આશ્રમ,શીયાલી તા.ઝઘડિયા |
| ૮. | ૨૦/૦૮/૨૩ | ઉમલ્લા | ઝઘડિયા | રાજશ્રી પોલીફીલ (RPL) ઉમલ્લા |
| ૯. | ૨૭/૦૮/૨૩ | જૂનાદીવા | અંકલેશ્વર | અતુલ લિમીટેડ, અંકલેશ્વર |
| ૧૦. | ૦૩/૦૯/૨૩ | અસા | ઝઘડિયા | રાજશ્રી પોલીફીલ (RPL) ઉમલ્લા |
| ૧૧. | ૧૦/૦૯/૨૩ | કોલીયાપાડા | નેત્રંગ | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ – ઉમલ્લા |
| ૧૨. | ૧૭/૦૯/૨૩ | ગુંદીયા | વાલીયા | ઝેડ.સી.એલ. લિમીટેડ – અંકલેશ્વર |
| ૧૩. | ૨૪/૦૯/૨૩ | ઝનોર | ભરૂચ | એન.ટી.પી.સી. લિમીટેડ – ઝનોર |

## કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ

- સીકલસેલ પ્રોજેકટ અંતર્ગત (ન્યુબોર્ન સ્ક્રીનીગ) હોસ્પિટલમાં જન્મનાર બાળકનું સીકલસેલ ટેસ્ટ કરતા હતા જે હવે ટેસ્ટ કરવાનું બંધ કર્યું અને હવેથી સગર્ભાવસ્થામાં જ આવનાર બાળક સીકલસેલથી પીડીત આવશે કે નોર્મલ તે માટેનો ટેસ્ટ કરવાનું શરૂ કર્યું.
- કામરેજ સ્થિત વાત્સલ્ય ધામમાં આ વર્ષે કુલ ૪૧ જેટલા અનાથ બાળકોને નવા એડમીશન અપાવ્યા.
- તા.૭ ઓગ. ૨૦૨૩ના રોજ ચીકદા ખાતે આયોજીત SNCU કાર્યક્રમના લાભાર્થી બાળકો માટે કેમ્પનું આયોજન કર્યું. જેમાં આજુબાજુ ગામના કુલ ૬૭ બાળકોએ લાભ લીધો.
- ડેડીયાપાડા વિસ્તારમાં ચાલતા સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને અનુકૂળ સમય વહેલી સવારે અને રાત્રે જઈ ગામમાં ડાયાબીટીસ અને હાયપર ટેન્શન (બીપી)ના કન્ફર્મેશન માટેના કલીનીક શરૂ કર્યા.
- સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમ અંતર્ગત ૪૦ વર્ષથી ઉપરના જે દર્દીને ડાયાબીટીસ અને હાયપર ટેન્શન (વધુ બીપી)ની

બીમારી છે તેવા લોકોનું ECG (ઈકો કાર્ડીયોગ્રામ) ફિલ્ડમાં જ લેવાનું શરૂ કર્યું સાથે સાથે યુરીન પ્રોટીનની પણ તપાસ શરૂ કરવામાં આવી.

- નર્મદા જીલ્લામાં પીરામલ ફાઉન્ડેશન દ્વારા આયોજીત "ખુશહાલ બચપન" કાર્યક્રમમાં ભાગ લીધો અને આપણી સંસ્થા વિશે અને કામગીરી વિશે રજુઆત કરવામાં આવી.
- CHP વિભાગમાં ઈન્ટર્નલ ઓડિટ માટે સૌ પ્રથમ વાર શ્રી અરવિંદભાઈ આવ્યા જે વિભાગ માટે ગૌરવની વાત છે.
- તા.૧૮ ઓગ.૨૦૨૩ના રોજ CHP અને એકાઉન્ટ ઓફિસ જે નવી બનાવવામાં આવી તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- તા.૧૦ ઓગ.૨૦૨૩ના રોજ દિલ્હી અને અમેરીકાથી બીલ ગેટસ ફાઉન્ડેશનના વિઝીટર્સ આવ્યા જેમને ફિલ્ડમાં Techo+ ની બતાવવામાં આવી.
- ICMR આયોજીત મુંબઈ ખાતે વર્કશોપમાં CHP વિભાગમાંથી ડો.કપીલભાઈ અને બકુલભાઈ જોડાયા.
- તા.૨ ઓગ.૨૦૨૩ થી ૪ ઓગ.૨૦૨૩ ત્રણ દિવસ દિવ–દમણ અને દાદરા નગર હવેલીના આશા કાર્યકરોને કોમ્યુનિટી બેઝ એસેસમેન્ટ ચેકલીસ્ટની મોબાઈલ એપમાં કઈ રીતે એન્ટ્રી કરવી અને ફોર્મ સંદર્ભે તાલીમ આપવા માટે ગયા.
- તા.૨૯ ઓગ.૨૦૨૩ના રોજ CHP વિભાગનું વાર્ષિક મુલ્યાંકન કરવામાં આવ્યું.
- તા.૨૮ ઓગ.૨૩ના રોજ નર્મદા જીલ્લાના આરોગ્ય વિભાગના ૭૦ જેટલા કાર્યકરોને સેવા રૂરલ દ્વારા સીકલસેલથી માંડીને સગર્ભાબેનોની સારવાર સંદર્ભે પોતાના અનુભવો અંગે સમજ આપવામાં આવી.
- તા.૭ ઓગ.૨૦૨૩ના રોજ SNCU ફોલોઅપ પ્રોજેકટ હેઠળ લાભાર્થીઓ માટે મોબાઈલ કલીનીકનું આયોજન કર્યું. જેનો કુલ ૬૬૪ બાળકોએ લાભ લીધો.
- તા.૨૫ જુલાઈ ૨૩ થી ૨૮ જુલાઈ ૨૦૨૩ સુધી ડો. ધીરેનભાઈ ગાંધીનગર ખાતે Facility based management of SAM (Severely Acute Malnutrition) ની રાજય કક્ષાની TOT માં જોડાયા.
- સમન્વય બેંગ્લોરથી અવની એપ્લીકેશન (મોબાઈલ એપ્લીકેશન) જે SNCU પ્રોજેકટ માટે વપરાય છે તેનું કામ જોવા માટે તા.૪/૮/૨૩ થી ૭/૮/૨૩ સુધી બે સોફટવેર એન્જીનીયર સંસ્થાની મુલાકાતે આવ્યા.
- જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ, ધરમપુર તથા કપરાડા ખાતે દરેક મહિનાના બે દિવસ માટે મોનિટરીંગ તથા ટેકનીકલ સપોર્ટ માટે ડો. ધીરેનભાઈ રૂબરૂ ગયા હતા. ત્યાં હવે કુપોષણ ઉપરાંત એડોલેસન્ટ હેલ્થ તથા નોન કોમ્યુનિકેબલ ડીસીઝ (NCD) જેવા કે બ્લડપ્રેશર અને ડાયાબીટીસ માટે કામ ચાલુ કરેલ છે.

## વોર્બલ ઓટોપ્સી

અમારી ટીમ મરણની માહિતી લેવા નવાગામ ગઈ હતી. ત્યાં એક દાદાનું મરણ ફોર્મ ભરવાનું હતું. ત્યાં નવાગામમાં ગયા અને જયાં દાદાનું મરણની માહિતી માટે તેમના ઘરે ગયા અને અમારી કામગીરી વિશે અને સેવા રૂરલ વિશે તેમને માહિતી અને પરીચય આપ્યો. અને જે મરણ થયું હતું તે સ્ત્રીના સસરા હતા. અને તેમણે અમને સરસ માહિતી આપી હતી. અમે મરણનું ફોર્મ ભર્યું અને ત્યાં જ બેસીને

લેપટોપમાં ટાઈપીંગ કરતા હતા. અને એટલામાં જે સ્ત્રી હતી તેમના પતિ બહું જ દારૂ પીને આવ્યા. ચલાતું પણ ન હતું. તેમને એક વ્યકિત પકડીને મુકવા આવ્યા હતા. અને તે દારૂ પીધેલા વ્યકિતએ અમને પૂછયું કે, 'કેમ આવ્યા છો?' તો અમારી ટીમે અમારો પરીચય આપ્યો અને સેવા રૂરલની માહિતી આપી. પણ એ વ્યકિત એવું કહેતા હતા કે મારા ઘરેથી કોઈપણ માહિતી આપવી નહી. તમે મારા ઘરેથી જતા રહો. પણ અમે ત્યાં જ બેસી રહયાં, અને પછી એમની પત્નીએ કીધું, "આ વ્યકિતઓ કયાંથી આવ્યા છે તને ખબર છે? જયારે મને તકલીફ હતી તો આપણે કેટલા દવાખાનામાં ગયા હતા. પણ સારા થયા ન હતા. અને કેટલા રૂપિયા ખર્ચા કર્યા પણ મે સારી ન થઈ હતી. તને ખબરને, આપણે ઝઘડિયા સેવા રૂરલ દવાખાનામાં ગયા હતા અને મારુ કોથળીનું ઓપરેશન કર્યું હતું અને મારો જીવ બચાવ્યો હતો." એવું કહેતાં પેલી સ્ત્રીના આંખમાંથી આંસુ નીકળી પડયા. જો આપણે સેવા રૂરલ ઝઘડિયા ન જતા તો મારું શું થતું? ત્યારે પેલા વ્યકિતને દુઃખ થયું. પેલા વ્યકિત એવું બોલ્યા કે, હા તો આ ત્યાંથી આવ્યા છે અને પેલા વ્યકિતએ એમના ખીસ્સામાંથી પૈસા કાઢી ને એમના પત્નીને દુકાનમાંથી દુધ લેવા મોકલી અને ચા પીધા વગર મારા ઘરેથી તમને ના જવા દઈશ એવું કહીને એમણે ચા પીવડાવીને અમને મોકલ્યા. અને એવું કીધું કે બીજીવાર કોઈ વાર મારા ગામમાં આવો તો મારા ઘરે આવજો.

## હેલ્થ ટ્રેનિંગ સેન્ટર

**શાળા આરોગ્ય કાર્યક્રમઃ**

- ત્રણ માસમાં કુલ ૩૯૭૩ એડોલેસન્ટની આરોગ્ય તપાસ અને વ્યકિતગત મુલાકાત કરી. જેમાં ૩૩ એડોલેસન્ટને ગંભીર એનીમીયા એટલે કે ૮ ગ્રામ થી ઓછુ હિમોગ્લોબીન છે. ૭૦૩ ને ગંભીર કુપોષણ છે. ૧૭ એડોલેસન્ટને ડીસીઝ પ્રકારનો સીકલસેલ એનીમીયા છે. ૧૬૫ એડોલેસન્ટને આરોગ્યના વિવિધ પ્રશ્નોના કારણે રીફર કર્યા., દરેક એડોલેસન્ટને ઓીનીમયા, સીકલસેલ, કુપોષણ માટેનું વ્યકિતગત કાઉન્સેલીંગ કર્યુ. ૩૦ હજારથી વધુ આયર્ન ગોળી અને ૬ હજારની વધુ બી૧૨ ગોળી આપવામાં આવી.

**પીયર એજયુકેટર**

- ૬ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ ૧૪૩ પીયર એજયુકેટર સાથે સંકલન તાલીમ કરી.જેમાં પીયર એજયુકેરટની ભુમિકા, નિર્ણય લેવાની પ્રક્રિયા વિષયો લીધા. ડો.શોભાબેને એડોલેસન્ટ કાર્યક્રમ વિશે સમજાવ્યુ. ડો.ધીરેનભાઈએ પોષક આહાર એડોલસન્ટમાં કેમ જરૂરી છે, મોટીવેશનલ વાત કરી. રમતો અને ચર્ચા દ્વારા જ્ઞાન સાથે ગમ્મતથી જાણકારી આપી.

## તાલીમ કેન્દ્ર સમાચાર

### ઈનહાઉસ તાલીમ કાર્યક્રમો

- **નવા કાર્યકર વર્કશોપ :** ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ નવા કાર્યકર વર્કશોપ ભાગ–૨ થયો. જેમાં પોતાના વિભાગને ઓળખો, કમ્યુનીકેશન અને સેફટી વિષય પર વાત કરી. ૨૮ નવા કાર્યકર ભાઈઓ બહેનોએ દિવસના અંતે પ્રતિભાવ આપતા જણાવ્યુ કે તેઓને વર્કશોપમાં વિવિધ રમતો રમવાની મજા આવી, વિભાગીય માહિતીમાં જે નહોતા જાણતા તે માહિતી જાણવા મળી.

- **કોઓર્ડીનેશન વર્કશોપ :** સબંધોમાં સફળતા, સ્વવિકાસ એટલે શુ? હું કેટલો ઈનોવેટીવ છું વિષયો પર તારીખ ૧૮,૧૯ ઓગષ્ટ ૨૦૨૩ ના રોજ ગુમાનદેવ ટ્રેનીંગ સેન્ટર સ્થળે યોજાયેલ વર્કશોપમાં ૪૩ સભ્યો જોડાયા.
- **કોઓર્ડીનેશન સભ્યો તાલીમ :** ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ કોઓર્ડીશેન મીટીંગમાં બેંગલોર થી આવેલ ટીમે " સમસ્યા અને તેનુ સમાધાન " માટે એક રીસર્ચ મોડેલ ની એકસરસાઈઝ કરાવી સમજાવ્યુ.તાલીમમાં ૧૫ સભ્યો સહભાગી બન્યા.
- **વિશ્વ સ્તનપાન દિવસ ઉજવણી :** ૫ ઓગષ્ટ ૨૦૨૩ ના રોજ સેવા રૂરલ હોસ્પિટલમાં લાભાર્થી બહેનો સાથે વિશ્વ સ્તનપાન દિવસની ઉજવણી કરી. સ્તનપાનમાં વળગાડવાની, ચુસાડવાની, બાળકને લેવાની રીતનું ડમી પર અને લાભાર્થી સાથે નિદર્શન કર્યુ,વિડિયો બતાવ્યો.૧૧૨ લાભાર્થી બહેનોને વોર્ડમાં જઈને સમજાવ્યુ.બે બહેનો કહેતા હતા કે સ્તનપાન કરાવવામાં તેમને તકલીફ થતી હતી પણ ઉજવણીમાં આપણે જાતે કરાવ્યુ તેનાથી પોતાનું બાળક સરસ રીતે ચુસે છે તેવો તરતનો પ્રતિભાવ અને ખુશી વ્યકત કરી.

## અન્ય સંસ્થા તાલીમ :

- **ગ્રામ વિકાસ ટ્રસ્ટ** (GVT) : તા. ૧–૨ ઓગષ્ટ દરમ્યાન ગ્રામ વિકાસ ટ્રસ્ટના ૧૫ ફીલ્ડ સુપરવાઈઝર કાર્યકરોની કિશોરાવસ્થામાં ન્યુટ્રીશન અને માતૃબાળ સંભાળ વિષયની બે દિવસીય તાલીમ કરી.
- ૨૦ જુલાઈ ૨૦૨૩ ના રોજ ગુજરાતના ૯ જિલ્લાના ૩૫ તાલીમાર્થીઓ સાથે SIHFW (સ્ટેટ ઈન્સ્ટીટયુટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર) સંસ્થા – વડોદરામાં સ્કુલ એન્ડ એડોલેસન્ટ હેલ્થ પર ડો.શોભાબેન અને ગાયત્રીબેન પટેલ રીસોર્સપર્સન તરીકે વડોદરા જઈ તાલીમ આપી.

## વિઝિટર્સ

- **શૈશવ – ભાવનગર :** ૨૮ ઓગષ્ટ ૨૦૨૩ ના રોજ શૈશવ–ભાવનગર સંસ્થાની ૨૪ કાર્યકર ભાઈ બહેનોની ટીમે સેવા રૂરલમાં ચાલતા એડોલેસન્ટ વિભાગની ફીલ્ડ વિઝિટ કરી.એડોલેસન્ટ માટેની ડીજીટલ એપ્લીકેશન અને તેના દ્વારા થતી કામગીરી વિશે ફીલ્ડમાં પ્રત્યક્ષ જઈ જાણકારી મેળવી.
- **સમન્વય બેંગલોર :** તારીખ ૪–૫ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન સમન્વય સંસ્થામાંથી બે પ્રતિનિધિ દ્વારા એડોલેસન્ટ અને CHP વિભાગની વિઝિટ થઈ. બંને વિભાગમાં ડીજીટલ એપ્લીકેશન એપમાં થતા પ્રશ્નો અને નિરાકરણ માટે ફીલ્ડ વિઝિટ કરી સુધારાત્મક બાબતોનું આદાન પ્રદાન થયુ.
- **યુનિસેફ – ગુજરાત :** યુનીસેફ દ્વારા ગુજરાત રાજયની શાળાઓમાં માસિક સ્વચ્છતા કોર્નર ઉભા કરવાના હોવાથી સેવા રૂરલે કસ્તુરબા ગાંધી વિદ્યાલય, રાણીપરામાં ઉભા કરેલ આદર્શ માસિક સ્વચ્છતા કોર્નર ની મુલાકાત યુનીસેફના પ્રતિનિધિઓએ લીધી.જયાં શિક્ષક,ગૃહમાતા બહેનો,પીયર એજયુકેટરની સાથે માસિક સ્વચ્છતા કોર્નરના લાભાલાભની ચર્ચા કરી.

## વિદ્યાર્થી પ્લેસમેન્ટ :

- આ ત્રણ માસ દરમ્યાન હેમચંન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી – પાટણ અને મહારાજા કૃષ્ણકુમાર સિંહજી' ભાવનગર યુનિવર્સિટીમાંથી સમાજકાર્યનો અભ્યાસ કરતા ૩ વિદ્યાર્થીઓએ CHP અને એડોલેસન્ટ વિભાગમાં કાર્યક્ષેત્રના ભાગરૂપે ફીલ્ડ કામગીરીનો એક માસનો અનુભવ લીધો. GCS મેડીકલ કોલેજ – અમદાવાદથી બે રેસિડેન્ટ ડોકટર એક વીક માટે કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટમાં મુલાકાત અને જાણવા શીખવા માટે આવી ગયા. મેડીસીનમાં ફીલ્ડ પોસ્ટીંગ માટે

પ્રોજેકટમાં મુલાકાત અને જાણવા શીખવા માટે આવી ગયા. મેડીસીનમાં ફીલ્ડ પોસ્ટીગ માટે આવી ગયા. તેવી જ રીતે ટાટા ઈસ્ટીટયુટ – મુંબઈથી માસ્ટર ઈન હેલ્થ એડમીનીસ્ટ્રેશન નો અભ્યાસ કરતા ત્રણ બહેનોએ ૨ માસના પોસ્ટીગ દરમ્યાન એડોલેસન્ટ, CHP અને હોસ્પિટલ વિભાગમાં કામગીરી કરી.

## ઈનહાઉસ તાલીમાર્થી કાર્યક્રમ :

- ૧૯ જુલાઈ ૨૦૨૩ના રોજ શિવણ અને બ્યુટીપાર્લરના ૪૭ તાલીમાર્થી બહેનો સાથે પ્રજનનતંત્ર અને ગર્ભધારણ વિષયની સમજ આપી.
- ૫ અને ૭ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ VGTK વિદ્યાર્થીની નવી શરૂ થયેલી બેચના ફાઉન્ડેશન કોર્સમાં ૧૯૮ વિદ્યાર્થીઓ સાથે મોટીવેશનલ વિડિયોના માધ્યમથી સમુહ જીવન અને છાત્રાલય જીવન ના મુલ્યોની વાત કરી.
- ૭ થી ૧૧ ઓગષ્ટ માસમાં નર્સીગ આસીસ્ટન્ટ ૧૫ મી બેચની ૧૮ તાલીમાર્થી બહેનોની ૦ થી ૫ વર્ષના બાળકોની માંદગીની ઓળખ અને સર્વાંગી સારવારની (IMNCI) પાંચ દિવસની તાલીમ કરી. વિડિયો, ડમી પર નિદર્શન અને હોસ્પિટલ મુલાકાત કરી તાલીમને વધુ અસરકારક બનાવી.

## કાર્યકરોનો સ્વવિકાસ કાર્યક્રમ :

- તા.૧૩ થી ૧૫ જુલાઈ ૨૦૨૩ ત્રણ દિવસ ઓએસીસ લીડરશીપ (L3, MHS– ૨ મહાન હદયોના સારેગમપધનીશા) વર્કશોપમાં સેવા રૂરલ સંસ્થામાંથી એડોલેસન્ટ અને વી.જી.ટી.કે વિભાગના કુલ ૭ સભ્યો સહભાગી બન્યા. વર્કશોપમાં માનવીય સબંધોનું મેનેજમેન્ટ શીખવવામાં આવ્યું.
- **ઓયાસીસ તાલીમ :** વિજીટીકેના વિદ્યાર્થીઓ સાથે કામ કરતા નડતા પ્રશ્નોની ચર્ચા અને તેના સમાધાન સંદર્ભે તારીખ ૧૬–૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ બે દિવસ "ફ્રીડમ પેરેન્ટીગ" વિષય પર વર્કશોપ કર્યો. એડોલેસન્ટ વિભાગ, ટયુટોરીયલ વિભાગ,VGTK વિભાગ માંથી કુલ ૨૪ કાર્યકર સહભાગી બન્યા.રીસોર્સ પર્સન તરીકે ઓએસીસ વોલેન્ટીયર શ્રી અખીલેશભાઈએ ઉદાહરણો અને પોતાના વ્યકિતગત અનુભવો ટાંકીને ફ્રીડમ પેરેન્ટીગ સમજાવ્યુ.
- તા.૨૧ સપ્ટે. ૨૦૨૩ ના રોજ ગાંધીનગરમાં ગીફટ કલબ સ્થળે આયોજીત "પીયર એજયુકેટર કન્સલટેશન ફોર સ્ટ્રેન્ધનીંગ એડોલેસન્ટ હેલ્થ ઈન્ટરવેશન અન્ડર રાષ્ટ્રીય કિશોરકિશોરી સ્વાસ્થ્ય(RKSK)કાર્યક્રમમાં ગાયત્રીબેન પટેલ સહભાગી અને ગ્રુપચર્ચામાં ફેસીલીટેટર બન્યા. ૧૦૦ વધુ સરકારના કાર્યકરો અને પીયર એજયુકેટર કાર્યક્રમમાં સહભાગી હતા.

# વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા.૧ જુલાઈ ૨૦૨૩ ના રોજ વિજીટીકેના તમામ ટ્રેડના ૧૩૬ તાલીમાર્થીઓને જુલાઈ અને ઓગષ્ટ બે મહિના માટે ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનીંગ અંતર્ગત ૪૫ જેટલી વિવિધ ઈન્ડસ્ટ્રીઝમાં મુકવામાં આવ્યા.

| ક્રમ | સ્થળ | તાલીમાર્થીઓ | ઈન્ડસ્ટ્રીઝ |
|---|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૮૦ | ૨૭ |
| ૨ | ભરૂચ | ૩૧ | ૧૪ |
| ૩ | ઝઘડિયા | ૨૧ | ૦૨ |
| ૪ | પાનોલી | ૦૪ | ૦૨ |
| કુલ | | ૧૩૬ | ૪૫ |

- તા.૨૨ જુલાઈ ૨૩ થી ૨૯ જુલાઈ ૨૦૨૩ સુધી જી.એન.એફ.સી (GNFC) ભરૂચમાં વિવિધ પ્રકારના પાઈપ ફિટીંગની ટ્રેનિંગ માટે ઈન્સ્ટ્રકટર સૈયદ મહંમદ અશરફ ગયા હતા. જેમાં અલગ અલગ સાઈઝની પાઈપોને ફિટીગ કરવા માટેની માહિતી મેળવી.

- તા.૨૪–૩૧ જુલાઈ ૨૦૨૩ સુધી સ્વરાજ પંપ પ્રા.લી અંકલેશ્વરમાં વર્ટીકલ મશીનીગ સેન્ટર (VMC) ટ્રેનિંગ માટે ધર્મેશભાઈ વસાવા ગયા હતા. જેમાં મશીનના ઓપરેશન, મશીનના વિવિધ પાર્ટ, જોબવર્ક અને ટુલ્સની એસેમ્બલી વિશે માહિતી મેળવી.
- તા.૧૫ ઓગ. ૨૦૨૩ના રોજ ૭૭માં સ્વતંત્રતા દિવસની ઉજવણી વિજીટીકેમાં કરવામાં આવી. ચાલુ બેચના ફિટર ટ્રેડના તાલીમાર્થી વસાવા યોગેશ રબતભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. જેમાં વિજીટીકેનો સ્ટાફ અને ચાલુ બેચના તાલીમાર્થીઓ જોડાયા હતા.
- તા.૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ૨૪૮ તાલીમાર્થીઓના પ્રવેશ સાથે વિજીટીકેની બેચ નં–૩૯ ની શરૂઆત કરવામાં આવી.
- તા.૬ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અંકલેશ્વરથી આવેલ શ્રી મોહંમદભાઈ દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને આજના સમયના નવા પડકારો અને તેમના ઉપાયો, ચારિત્ર્ય ઘડતરના અસરકાર પરિબળો, મોબાઈલના ફાયદા અને ગેરફાયદા અને વ્યસનથી થતા નુકશાન વિશે તાલીમાર્થીઓને સમજણ આપી.
- તા. ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ ભરૂચથી આવેલ શ્રી નિતીનભાઈ ટેલર દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને પોતાના જીવનના અલગ અલગ અનુભવો વિશે વાત કરી. આ ઉપરાંત વિજીટીકેની તાલીમની ઈન્ડસ્ટ્રીઝમાં જરૂરિયાત, જીવનમાં સારી ટેવોનું મહત્વ, નવા નવા વિચારોની જરૂરિયાત અને ટેકનીકલ તાલીમના લાંબાગાળાના ફાયદાઓ વિશે તાલીમાર્થીઓને સમજણ આપી.
- તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અંકલેશ્વરથી આવેલ શ્રી કોકીલાબેન પંડયા દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને સમૂહ જીવનમાં રહેવાના લાંબાગાળાના ફાયદાઓ વિશે, પોતાના જીવનમાં એક ચોકકસ ધ્યેય હોવો જોઈએ તેના વિશે, એક જવાબદાર નાગરિક બનવા માટે જરૂરી સારા ગુણોની જરૂરિયાત વિશે તાલીમાર્થીઓને વાર્તાઓ અને ગીતો દ્વારા તાલીમાર્થીઓને સમજણ આપવામાં આવી.
- તા. ૯ સપ્ટે. ૨૦૨૩ ના રોજ અંકલેશ્વરથી આવેલ શ્રી વિનોદભાઈ ચૌહાણ (અખીલ ઈન્ડસ્ટ્રીઝ) દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને વિજીટીકેના તાલીમની ઈન્ડસ્ટ્રીઝમાં જરૂરિયાત, સ્વરોજગારની જરૂરિયાત અને જીવન ઘડતરમાં સારા ગુણોની જરૂરિયાત વિશે માહિતી આપી.
- તા.૧૪ સપ્ટે.૨૦૨૩ના રોજ નર્મદા કોલેજ, ભરૂચથી આવેલ શ્રી તૃપ્તિબેન અને સુભાષભાઈ દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને જીવનમાં ધ્યેયનું મહત્વ, સાચી સમજણ, સંબંધો અને પૈસાનું જીવનમાં મહત્વ વિશે તાલીમાર્થીઓને વિસ્તારપૂર્વક સાચી સમજણ આપી.
- તા.૨૬ સપ્ટે.૨૦૨૩ના ભૂતપૂર્વ તાલીમાર્થી બેચ નં–૨૩ વસાવા રાજેન્દ્ર મંશીભાઈ દ્વારા કેમીકલ ટ્રેડના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને પ્લાન્ટમાં ચાલતી બેચ પ્રોસેસ, પંપ અને વાલ્વ, ઈટીપી (ETP) પ્લાન્ટની અગત્યતા, સેફટીની અવેરનેશ વિશે તાલીમાર્થીઓ સાથે વાત કરી.
- વિજીટીકે બેચ નં–૩૯નો પ્રવેશોત્સવ રાખવામાં આવેલ જેમાં મુખ્ય મહેમાન તરીકે યુ.પી.એલ. (UPL) યુનિવર્સિટી વટારીયાના વાઈસ ચાન્સેલર શ્રીકાંતભાઈ વાઘ ખાસ ઉપસ્થિત રહયા હતા. તેમણે તાલીમાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન અને જીવન ઘડતર વિશે માર્ગદર્શન આપ્યું.

## સેવા રૂરલના કાર્યકર માટે

- તા.૦૮ જુલાઈ ૨૦૨૩ના રોજ સ્ટાફ/ પરિવારની બહેનો માટે ગૌરીવ્રત ઉજવણીના ભાગરૂપે વિવિધ ૧ મિનીટની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેવા રૂરલ સ્ટાફ અને પરિવારના બહેનો મળી કુલ ૪૦ કરતા વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ રમતોનો આનંદ માણ્યો હતો. રમતોના અંતે વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.



### સહકારી મંડળી

- સેવા રૂરલના કર્મચારીઓની વિવિધલક્ષી સહકારી મંડળી લી. ઝઘડિયાની ૩૯મી વાર્ષિક સાધારણ સભા તા.૨૧/૫/૨૩ ના રોજ થઈ ગઈ. મંડળીની કુલ બચત રૂા.૧,૪૭,૧૩,૮૩૬ છે. જયારે ભંડોળ રૂા.૫,૫૩,૩૦૦ છે. મંડળીએ સભાસદોને કુલ રૂા. ૪૪,૪૩,૦૩૬ ની લોન આપી. અને રૂા.૮૭,૭૯૪નો ચોખ્ખો નફો કર્યો છે.

## *શારદા મહિલા વિકાસ સોસાયટી

### વહીવટ અને સંચાલન

- આ ત્રણ માસ દરમ્યાન કોરગૃપની પાંચ મિટીગો થઈ. જેમાં વિભાગીય મિટીગો તેમજ શિબીર વિગેરેનું પ્લાનીગ કર્યું. વિભાગીય પ્રવૃતિની ચર્ચા કરી. SMVS ની નવી વેબ સાઈટ તૈયાર થઈ તેની વાત કરી.
- તા. ૨૭ સપ્ટે.૨૦૨૩ ના રોજ કારોબારીની મિટીગ થઈ જેમાં એપ્રિલ–૨૩થી સપ્ટે.૨૩ની પ્રવૃતિઓનું પ્રેઝન્ટેશન કર્યું.
- તા.૭ સપ્ટે.૨૦૨૩ના રોજ નિયામક મંડળની મિટીંગ કરી. જેમાં વર્ષ ૨૦૨૨–૨૩ના હિસાબો અને ઓડિટેડ એકાઉન્ટને શા.મ.વિ.સો ના ટ્રસ્ટી મંડળે મંજુરી આપી. એપ્રિલ ૨૦૨૩ થી સપ્ટે.૨૦૨૩ ની પ્રવૃતિઓનું પ્રેઝન્ટેશન કર્યું.

### મહિલા જાગૃતિ શિબીર

- તા.૨૯ જુલાઈ ૨૦૨૩ના રોજ ભરૂચથી જયાબેન ઐયર અને મમતાબહેને 'વેસ્ટ મેનેજમેન્ટ' નકામી વસ્તુઓનો ઉપયોગ કરી એમાંથી સુંદર ડેકોરેશનની ચીજ બનાવતા શીખવાડયું. સાથે જ 'મિલેટસ' (તૃણધાન્ય) એટલે શું એની ઉપયોગીતા અને એ અનાજમાંથી વિવિધ વાનગી કેવી રીતે બને તેની માહિતી આપી.
- તા.૩૦ સપ્ટે.૨૦૨૩ના રોજ SMVSની સહયોગી બહેનો અને સીવણ, બ્યુટીપાર્લર તેમજ નર્સીંગની તાલીમાર્થી બહેનો વચ્ચે અંતાક્ષરીની હરિફાઈ રાખી. જેમાં ગારમેન્ટ વિભાગની સહયોગી બહેનોનું ગૃપ વિજેતા બન્યું.

## ટ્યુટોરિયલ વિભાગ

- તા.૩ જુલાઈ ૨૦૨૩ સોમવારના રોજ ગુરૂપૂર્ણિમા હોવાથી બાળકોને ગુરૂનુ આપણા જીવનમાં શું મહત્વ છે. એ સમજે તે હેતુસર પ્રવાસના ભાગરૂપે ઉછાલી દત્તઆશ્રમ લઈ જવાનું આયોજન કર્યું.
- તા.૭ જુલાઈ ૨૦૨૩ના રોજ ટ્યુટોરિયલના બાળકોના પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં મુખ્ય મહેમાન તરીકે પદમ્શ્રી પુ.ડો. લતાબહેન દેસાઈ, મધુમાસી (ડો.લતાબહેનના બહેન) રિટાયર્ડ શિક્ષીકા અનસોયાબહેન (રાણીપુરા) બ્રાન્ચશાળાના શિક્ષકો હિતેશભાઈ, કંચનબહેન આવ્યા હતા. ટ્યુટોરિયલ વિદ્યાર્થીનીઓએ મહેમાનોનું ફુલ આપી સ્વાગત ગીત કરી આવકાર્યા. મધુમાસીએ પ્રવેશોત્સવની માહિતી આપતા બાળકોને સમજાવ્યુ કે પ્રવેશોત્સવ એટલે નવા આવેલ બાળકોને આવકાર આપવો ત્યારબાદ નવા આવનાર બાળકોને કંકુ તિલક કરી સુખડી ખવડાવી મોં મીઠુ કરાવ્યુ. મધુમાસીએ દરેક બાળકોને પ્રોત્સાહિત કરવા માટે બાળકોને પેન્સિલ રબર અને નોટબુકની કીટ આપી. બ્રાંચશાળામાંથી આવેલ શિક્ષકોએ જણાવ્યું કે ટ્યુટોરિયલમાં આવનાર બાળકો શાળામાં પણ ભણતરની સાથે ઈત્તર પ્રવૃતિમાં આગળ હોય છે. ત્યારબાદ અનસોયાબહેને નેપોલિયનની વાર્તા કહી અને વાર્તા પરથી સમજાવ્યું કે જીવનમાં કંઈક બનવાનું ધ્યેય રાખવું જોઈએ. પૂ.ડો. લતાબહેને બાળકોને પ્રશ્નો પૂછયા એ પ્રશ્નોના જવાબ બાળકોએ સારી રીતે આપ્યા.
- ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ના ભાગરૂપે તા.૧૪ ઓગસ્ટના રોજ ધો.૧થી૪ના બાળકો સાથે રાષ્ટ્રધ્વજમાં કલર કરવાનું અને ધો.૫થી૯ ના બાળકો સાથે સ્વાતંત્ર્ય દિન વિશે બોલવાનું વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા થયેલ તમામ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું.
- તા.૨૩ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ શીતળા સાતમનો તહેવાર હોવાથી બાળકોમાં સમૂહ ભોજનની ભાવના વિકસે એ હેતુથી પોતાની સાથે લાવેલ નાસ્તો બધા બાળકોએ એકબીજાને વહેંચી આપી ખાઈ આનંદ માણ્યો.
- તા.૨૯ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ ટ્યુટોરિયલ બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી. વિદ્યાર્થીઓએ રક્ષાબંધનનું ગીત ગાઈ છોકરાઓને કંકુ તિલક કરી, રાખડી બાંધી મોં મીઠુ કર્યું.
- તા. ૫ સપ્ટે. ૨૦૨૩ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરી જેમાં ધોરણ ૭–૮ અને ૯ના વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ જ પ્રાર્થના પ્રવૃતિથી શરૂઆત કરી.

  શિક્ષક બનેલા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે એ હેતુથી અભ્યાસકીય કામકાજ, હાજરી પૂરવી વગેરે કાર્ય બાળકોએ જ સંભાળ્યું.
- તા.૭ ઓગષ્ટ ૨૦૨૩ થી તા. ૧૪ સપ્ટે.૨૩ સુધી વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર, ગુમાનદેવમાં આવેલ નવા વિદ્યાર્થીઓ સાથે વાંચન–લેખન અને ગણન ના વર્ગ લેવામાં ટ્યુટોરિયલ સ્ટાફ મદદરૂપ થયા હતા.

## મોબાઈલ પ્રવૃતિ હરતી ફરતી શાળા

- ગ્રામ્ય કક્ષાએ હરતી ફરતી શાળામાં અભ્યાસકીય પ્રવૃતિની સાથે વિવિધ પ્રવૃતિઓ

પણ કરાવીએ છીએ. તેના ભાગરૂપે રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને તા.૧૮ ઓગષ્ટ ૨૩ થી તા.૨૯ ઓગષ્ટ ૨૩ સુધી પ્રાથમિક શાળાઓ મોટાસાંજા, શિયાલી, કરાડ, રાયસીગપુરા, આમોદ, બોરજાઈ અને પીપરીપાન જઈ બાળકોને તહેવારની માહિતી આપી તેમજ 'ઉનમાંથી રાખડી બનાવતા શીખવ્યું. ત્યારબાદ દરેક બાળકોએ જાતે રાખડી બનાવી તે એમને ખૂબ જ મજા આવી.

## ઓએસીસ શિબીર

- તા.૧૬–૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ શીતલબેન ગાંધી, સવિતાબેન વસાવા, શકુબેન વસાવા, નિમિષાબેન ગાંધી, લીનાબેન દવે, વિશાખાબેન સોની, દિપીકાબેન ભટ્ટ જોડાયા હતા. એ દિવસની શિબીરમાં બાળકોને કઈ રીતે લીડરશીપ લેતા કરવા, બાળકોને ગમતુ કરવા દેવુ, પોતાના નિર્ણયો જાતે લેતા થાય, બાળકો માટે આદર્શ મોડેલ બનવું જોઈએ.

## ગારમેન્ટ વિભાગ :

- આપણા કામનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ બહેનોને પગભર કરવાનો છે એ સંદેશો આપવા માટે શર્ટ પર લગાવવા માટેનું શા.મ.વિ.સો.નું લેબલ બનાવ્યું. જેમાં "તમારું યોગદાન બનાવશે જરૂરિયાતમંદ બહેનોને સ્વનિર્ભર" આવું લખાણ લખવામાં આવ્યું છે.

## શિવણ તાલીમ વર્ગો :

- તા.૧ ઓગષ્ટ ૨૦૨૩ થી સ્થાનિક નવી બેચ નં.૪૧, ૪૨ શરૂ થઈ. જેમાં હાલ ૫૨ બહેનો તાલીમ લઈ રહયા છે.

## બ્યુટી પાર્લર:

- તા. ૨૩ જુલાઈ ૨૦૨૩ ના રોજ સ્થાનિક બ્યુટીપાર્લરની ૭ મી બેચ પુરી થઈ. જેમાં ૨૦ બહેનોએ તાલીમ પુરી કરી. તાલીમ પુરી કરનાર બહેનોને સર્ટીફીકેટ તેમજ રૂા.૮૦,૦૦૦/– ની કીટ આપવામાં આવી.
- ૮ મી બેચ માટે ઈન્ટરવ્યુ રાખ્યા હતા. જેમાં ૪૨ બહેનો આવી હતી. જેમાંથી ૨૧ બહેનોની પસંદગી કરવામાં આવી અને તા. ૧૩ ઓગ.૨૩ થી આ બેચની શરૂઆત કરી.

## ગ્રામ્ય સ્તરે તાલીમ વર્ગો:

- સપ્ટેમ્બર ૨૦૨૩ માં અમલઝર ગામમાં સીવણ અને બ્યુટીપાર્લરની બે બેચ પુરી થઈ. જેમાં સીવણમાં કુલ ૩૫ અને બ્યુટીપાર્લરમાં ૩૨ બહેનોએ તાલીમ પુરી કરી.
- ઓકટોબર ૨૦૨૩માં જાંબોઈ ગામમાં સીવણ અને બ્યુટીપાર્લરની એક બેચ પુરી થઈ. જેમાં સીવણમાં ૧૭ અને બ્યુટીપાર્લરમાં ૧૫ બહેનોએ તાલીમ પુરી કરી.
- ઓગષ્ટ મહિનામાં નાનાસાંજા ગામે બ્યુટીપાર્લરની તાલીમ શરૂ કરી. જેમાં ૨૧ બહેનો તાલીમ લઈ રહી છે.
- સપ્ટેમ્બર મહિનામાં આમોદ ગામે સીવણની તાલીમ શરૂ કરી. જેમાં ૧૫ બહેનો તાલીમ લઈ રહી છે.
- ગ્રામ્ય સ્તરે પણ જે બહેનો તાલીમ પુરી કરે છે તેમને સર્ટીફીકેટ, સીવણ મશીન તેમજ બ્યુટીપાર્લર કીટ આપવામાં આવે છે.

## મિત્રોની નજરે

સેવા સુવાસના જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૩ના અંકમાં પહેલા જ પાને છપાયેલ આશાબેન વસાવાના કિસ્સા બાબત કેટલાક વિચારો જે મેં CRCG ના નજીકના મિત્રો સામે મૂક્યા તે આપને પણ મોકલું છું.

જે કેટલાક વિચારો તે વખતે આવ્યા તે અહીં મૂકું છું.

૧. દત્તક આપવાની પ્રક્રિયા લાંબી હોવાથી તેને બદલે ફોસ્ટર કેર યોજના વિચારી શકાય. આ માટે સ્થાનિક સંસ્થાઓ અનુકૂળ પરિવાર શોધવામાં મદદ કરી શકે. જોકે, બાળકને દત્તક આપવાનો પણ વિચાર ઉત્તમ જ છે.

૨. બને ત્યાં સુધી બાળકને CCI માં ના મૂકવું. તેનાથી બાળકને કાયમ માટે અનાથનું લેબલ લાગી જાય છે.

૩. આ બાળકને ધ્યાનમાં રાખી તેનો ઉછેર ૫ વર્ષ સુધી મોનિટર કરવો.

૪. પાંચ વર્ષે, સ્થિતિ જોઈ, તેને 'Visamo' માં શિક્ષણ માટે પ્રવેશ આપવાની પેરવી કરી શકાય, જે માટે હું મદદ કરી શકું.

૫. આ બધામાં તરીકે આપણે ટેકા રૂપ ભૂમિકા ભજવી શકીએ.

(રાજેશભાઈ ભટ્ટ, સ્વપથ – અમદાવાદ)

## સંશોધનની એરણેથી

ગ્રાઈપ વોટર (સુવાનું પાણી) થી નાના બાળકોમાં નુકસાન કે ફાયદો?

માતાનું દૂધ વિશ્વભરના શિશુઓ માટે શ્રેષ્ઠ પોષણ છે, જે ઘણી બીમારીઓને અટકાવે છે અને માતા અને બાળક વચ્ચે મજબૂત બંધનને પ્રોત્સાહન આપે છે. ભારતમાં ૦–૫ મહિનાની ઉંમરના માત્ર ૪૬.૩ શિશુઓ માતાનું દૂધ મેળવે છે. આ લાભો હોવા છતાં, ઘણા વિકાસશીલ દેશોમાં ૧૦૦% નિયમિત સ્તનપાન પ્રાપ્ત કરવામાં મુશ્કેલી આવે છે.

ભારતમાં વિવિધ જગ્યામાં સુવાનું પાણી નાના બાળકોમાં આપવામાં આવે છે. સુવાનું પાણી એ સોડિયમ બાયકાર્બોનેટ અને જડીબુટ્ટીઓનું એક પ્રવાહી છે. એનો ઉપયોગ ગેસના દુઃખાવા અને પેટની અન્ય સમસ્યાઓને સરળ બનાવે છે. સુવાના પાણી થી આ બધી તકલીફ સારી થાય છે એવા કોઈ પુરાવા ઉપલબ્ધ નથી.

પુડુચેરીમાં કેન્દ્ર શાશિત પ્રદેશમાં એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સુવાનું પાણી માતાઓ દ્વારા શિશુઓને (૫૫%) બહોળા પ્રમાણમાં આપવામાં આવે છે. સુવાનું પાણીનું ફાયદો શું છે કે નહિ અની કોઈ રીતનું સંશોધન અત્યાર સુધીમાં થયું નથી. અને સુવાનું પાણી નાના બાળકોમાં વાપરવા માટે કોઈપણ સરકારી આરોગ્ય સંસ્થાથી પરમીશન પણ મળ્યું નથી.

આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ છે કે માતાઓ શા માટે સુવાનું પાણીનો ઉપયોગ કરે છે અને એનું વાપરવાનું પ્રમાણ કેટલું છે. ચાલો આપણે આ સંશોધન વિષયે સરળ ભાષામાં સમજીએ.

આ સંશોધનનો માટે મે ૨૦૧૧ થી જૂન ૨૦૧૧ દરમ્યાન પુડુચેરીના JIPMER હોસ્પિટલના પીડીયાટ્રીક ડીપાર્ટમેન્ટના "વેલ બેબી કિલનીક"માં આવનાર માતા અને બાળકને આ સંશોધન માટે વિચાર્યું હતું. બાળકની ઉંમર ૧–૬ મહિનાની વચ્ચે હોવું જરૂરી હતું. જે લોકોએ આ સંશોધન માટે સંમતિ આપીએ લોકોને આ સંશોધનમાં શામિલ કર્યા.

આ સંશોધનની જાણકારી દર એક માતા અને પિતાને રીતસર આપવામાં આવી હતી. આ સંશોધન દરમ્યાન દર એક લાભાર્થીની ઉંમર, શૈક્ષણિક સ્થિતિ, રોજગાર વિગતો, કુટુંબનો પ્રકાર અને માથાદીઠ આવક સંબંધિત ડેટા એકત્રિત કર્યા પછી અને તમામ માતાઓને તપાસકર્તા દ્વારા પૂર્વ–પરીક્ષણ, અર્ધ સંરચિત પ્રશ્નાવલિને આધિન કરવામાં આવી હતી. આ અભ્યાસ માટે, નીચેની વ્યાખ્યાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

કોલિકઃ કોઈપણ ૧ દિવસમાં ત્રણ કલાક તેથી વધુ કલાકો સુધી ચીડચીડાપણુ, ગડબડ અથવા રડવું અને કોઈપણ ૧ અઠવાડિયામાં ૩ કે તેથી વધુ દિવસે થાય છે એને કોલિકની તકલીફ રીતે લીધુ હતું.

કબજિયાતઃ સ્ટૂલ પાસ કરવામાં ૪૮ કલાક થી વધારાનો સમય અથવા સ્ટૂલ પાસ કરતા સમય રડવું અને આપણે કબજિયાતની તકલીફ પ્રમાણે લીધુ હતું.

રિગર્ગિટેશન અથવા ઉલટીઃ રિગર્ગિટેશન (ખોરાક દરમ્યાન અથવા તેના પછી તરત જ ગળી ગયેલું દૂધ પાછું આવવું) દિવસમાં ૪ કરતા વધુ વખત અથવા ઉલટી (પેટનું સંપૂર્ણ ખાલી થવું, ઘણીવાર ખોરાક આપ્યા પછી કયારેક થાય છે) દિવસમાં એકવાર પણ થાય તેને રિગર્ગિટેશન તરીકે લીધુ હતું.

અમૂક બાળકોની માતાઓ સુવાનું પાણી પહેલાથી આપવામાં આવ્યુ ન હતું કારણ કે તેમના ડોકટરની સલાહથી નથી લીધું એવા ૭૩% લોકો હતા. (ત્યારબાદ : ii) સુવાનું પાણીનો ઉપયોગ અને માહિતીનો અભાવ એવા ૧૯% લોકો હતા.iii) ૧૭% લોકોને હાનિકારક પ્રથા હોવાનું લાગ્યું એટલે નથી લીધું iv) ૧૫% લોકોને લાગ્યું આ વસ્તુ નકામું છે.

GW મેળવનાર ૨૧૫ બાળકોમાંથી માત્ર ૧૨૧ (૫૬.૨૭%) બાળકોમાં વજન વધ્યું હતું. ૧૨૦માંથી ૭૫ (૬૨.૫%) બાળકોની સરખામણીમાં જેમને GW પ્રાપ્ત થયું ન હતું અને જેમને ફકત સ્તનપાન કરાવ્યું હતું. જે બાળકો સુવાનું પાણી લેતા હતા એવા ૨૯ બાળકોમાં સતત રડવાનું પ્રશ્ન જોવા મળ્યો અને જે બાળકો સુવાનું પાણી લેતા ન હતા એમાં ફકત ૧ જ બાળકમાં કોલિક દેખાવાની તકલીફ મળી. સુવાનું પાણી ગ્રુપમાં ૨ બાળકોમાં રિગર્ગિટેશન જોવા મળ્યું અને નો સુવાનું પાણી ગ્રુપમાં ૫ બાળકોમાં રિગર્ગિટેશન જોવા મળ્યું. નો સુવાનું પાણી ગ્રુપમાં ૩ બાળકોમાં ઉલટીની તકલીફ જોવા મળી અને સુવાનું પાણી ગ્રુપમાં ૧૨ બાળકોમાં ઉલટીનું તકલીફ જોવા મળ્યું. કબજિયાતનું પ્રમાણ સુવાનું પાણી ગ્રપમાં વધારે (૧૮%) જોવા મળ્યું અને નો સુવાનું પાણી ગ્રુપમાં ૩% બાળકોમાં જોવા મળ્યું. હાલના અભ્યાસમાં સુવાનું પાણીનું પ્રમાણ ૬૪.૧૮% જોવા મળ્યું છે અને એ પ્રમાણ પહેલા થયેલ સંશોધન પ્રમાણે હતું.

હાલના અભ્યાસમાંથી આપણે જોવા મળ્યું છે કે

માતાઓ નિયમિત સ્તનપાનના ફાયદાઓથી વાકેફ હતા. અને સ્તનપાન ચાલુ રાખે એ શકયતા વધુ હતી. હાલના અભ્યાસમાં સુવાનું પાણીનું સંચાલન કરવા માટેનું સૌથી સામાન્ય કારણ એ માન્યતા છે કે તે પાચનમાં મદદ કરે છે અને તે પેટમાં દુઃખાવો અટકાવે છે.

સુવાનું પાણી ના ઉપયોગથી નિયમિત સ્તનપાનનું પ્રમાણ ઓછું થાય છે. મોટા ભાગના માતાઓ ગેરમાન્યતાઓને કારણે સુવાનું પાણીનો ઉપયોગ કરી રહયા છીએ. GW નો ઉપયોગ બાળકને કોલિકને રોકવામાં અને પાચનમાં મદદ કરતો નથી. ઉલ્ટી અને કબજિયાતનું પ્રમાણ જે બાળકો સુવાનું પાણી લઈ છે એમાં વધારે જોવા મળ્યું છે. એને કારણે માતાઓને હોસ્પિટલ અને અલગ રીપોર્ટ કરવાની જરૂર પડે છે. આ કારણે ખોટો ખર્ચ પણ થાય છે. સંશોધનમાં જોવા મળ્યું છે જે બાળકો સુવાનું પાણી લેતા હતા એવા બાળકોમાં તાવ, શરદી અને ખાસીનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. સુવાનું પાણીના જોખમનું............

નિષ્કર્ષ

ગ્રાઈપવોટર સૌથી સામાન્ય બિન પોષક પદાર્થ છે અને ૧ વર્ષથી નાના બાળકોમાં આપવામાં આવે છે બાળપણમાં સુવાનું પાણીનો ઉપયોગ કરવા માટે કોઈ પણ વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવામાં આવ્યો નથી. આ અભ્યાસમાંથી આપણને જાણવા મળ્યું છે કે ગ્રાઈપવોટરથી પેટમાં દુઃખાવો સારો થતો નથી અને જે બાળકોએ ગ્રાઈપવોટર લીધું એ બાળકોમાં ઉલટી અને કબજિયાનનું પ્રમાણ વધારે મળ્યું છે.

## નાનાઓની મોટાઈ

રાજેશભાઈ રબારી Eye OT માં OT બોય તરીકે કામ કરે છે. ડો. ખુશ્બુબેન (ઝામરના નિષ્ણાંત) તેમની સર્જરી ચાલતી હતી. ત્યારે રાજેશભાઈ તેમને મદદ કરતા હતા. ઓપરેશન ચાલુ હતુ અને દર્દીને લેન્સ મુકવાના સમયે લેન્સનું બોકસ ખોલતા અંદરથી પેકીંગ ખુલ્લું દેખાયું. તુરંત રાજેશભાઈએ સર્જનને કહયું કે બેન પેકીંગ તૂટેલું છે. આ લેન્સ બદલવો પડશે. જયારે OT ઈન્ચાર્જ બેને પણ આ વાતની ખાત્રી કરીને ચેક કર્યુ તો ખરેખર તે પેકીંગ તુટેલું હતું. આથી ડો.ખુશ્બુબેન સર્જન વિઝીટીંગ ડોકટર તરીકે મહિનામાં એક વાર આવે તેઓ પણ OT બોયનું આવું ઘ્યાન અને ચોકસાઈથી ખુશ થઈ ગયા. આમ ચાલુ ઓપરેશનમાં તાત્કાલિક સ્ટોરમાંથી બીજો પેકીંગ હોય તેવો લેન્સ મંગાવ્યો અને દર્દીને લેન્સ મુકયો.


## ભૂલ સ્વીકાર

સેવા રૂરલ દ્વારા ચાલતા કિશોર કિશોરી જાગૃતિ કાર્યક્રમમાં શાળાઓમાં, ગામોમા જઈ કિશોર કિશોરીઓની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. જેમા તેમના હિમોગ્લોબીનની તપાસ ત્યાં જ કરી પરિણામ આપી દઈએ છીએ. જયારે સીકલસેલના બ્લડ સેમ્પલ લઈ હોસ્પિટલમાં આપીએ છીએ.

એકવાર એક કિશોરીના બે કેસ પેપર નીકળી ગયા. પરંતુ બ્લડ સેમ્પલ અલગ હતા જેથી રીપોર્ટ સીકલ ટ્રેટ અને નોર્મલ અલગ આવ્યા. એટલે ખબર પડી કે કેસ પેપર પર નામ લખવામાં ભૂલ થઈ છે. તેથી બંને કિશોરીનું બ્લડ સેમ્પલ ફરીથી સેવા રૂરલમાં બોલાવીને ચેક કરવામાં આવ્યું અને એક કિશોરીને સીકલસેલ ટ્રેટ હતુ જયારે બીજાને નોર્મલ પરિણામ હતું.

ભવિષ્યમાં એવી ભૂલ ન થાય તેનું ખાસ ઘ્યાન રાખીશું.

# અમારા પ્રેરણાસ્ત્રોત




સેવા રૂરલ કેમ્પસમાં આવેલ અમારા પ્રાર્થના મંદિરની બહાર આ તકતી મુકવામાં આવી છે.


તાઓ


શીખ


જૈન


ખ્રિસ્તી


હિન્દુ


ઈસ્લામ


બૌધ્ધ


પારસી


યહુદી

જ્યારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.

મા શારદા

**પ્રિન્ટેડ બુક**

**–: વિશેષ સૂચના :–**

અમારી સંસ્થામાંથી પ્રકાશિત થતું ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મેળવવા માટે www.sewarural.org પર subscribe કરો.

આપનું **E-mail / ID** નીચેના મોબાઈલ ઉપર વોટ્સઅપ / **SMS** થી અથવા નીચેના સરનામે લખી મોકલાવશો.

પ્રકાશક :
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,
ઝઘડિયા – ૩૯૩૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૧૧૦/ભરૂચ

**E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http:// www.facebook.com/sewarural**
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪૪૩૬૧૭
**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૯૦૩/ભરૂચ
**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**
ફોન : (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, (મો.) ૯૪૨૯૦૩૬૪૯૦
**PAN No. AACTS 8212L**